# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-06-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## P.M.મન કી બાત :

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, આરોગ્યથી લઇને સામાજિક સુરક્ષા સુધી દેશ તમામ ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધન કરતા શ્રી મોદીએ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનનાં એ અહેવાલનો ઉલ્લેખ કર્યો જેમાં જણાવવામાં આવ્યું છે કે, દેશની 64 ટકાથી વધુ વસ્તી અને 95 કરોડ લોકોને કોઇને કોઇ સામાજિક સુરક્ષાનો લાભ મળી રહ્યો છે.**

**(બાઈટ- PM ON SOCIAL SECURITY)**

**શ્રી મોદીએ વિશ્વ આરોગ્ય સંગઠનનાં અહેવાલનો પણ ઉલ્લેખ કર્યો જેમાં ભારતને આંખોનાં રોગ 'ટ્રેકોમા'થી મુક્ત જાહેર કરવામાં આવ્યો છે. આ સફળતાઓએ વિશ્વાસ જગાવ્યો છે કે, આગામી સમય વધુ સારો હશે અને ભારત દરેક પગલે સશક્ત બનશે.**

**કટોકટીનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, જનભાગીદારીનાં માધ્યમથી મોટી મોટી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. કટોકટી લાદનારાઓએ માત્ર બંધારણની જ હત્યા નહોતી કરી, તેમનો ઇરાદો ન્યાયતંત્રને પણ પોતાનું ગુલામ બનાવવાનો હતો. શ્રી મોદીએ જણાવ્યું કે, આ દરમિયાન અભિવ્યક્તિની સ્વતંત્રતાનાં ગળે ટૂંપો દેવામાં આવ્યો.**

**પ્રધાનમંત્રીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મિશન ફોર મિલિયન ટ્રીઝ અભિયાન વિશે પણ વાત કરી હતી, જેમાં લાખો વૃક્ષો રોપવાનું લક્ષ્ય છે. તેમણે કહ્યું કે, આ અભિયાનનું એક વિશેષ પાસું સિંદૂર વન છે, જે ઓપરેશન સિંદૂરના શૂરવીર જવાનોને સમર્પિત જંગલ છે.**

**આ મહિનાની 21મી તારીખે ઉજવાયેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, તેમાં દેશ અને વિશ્વના કરોડો લોકોએ ભાગ લીધો હતો. તેમણે કહ્યું હતું કે, વધુને વધુ લોકો તેમના રોજિંદા જીવનમાં યોગને અપનાવી રહ્યા છે.**

**---------------------------------------------------------------------------------------**

## કેન્દ્રીય મંત્રી-સંડે ઓન સાયકલ:

**કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું, સાયકલએ નાના માણસનું વાહન ન રહેતા તેને સ્વાસ્થ્યના રક્ષક તરીકે જોવી જોઈએ. ભાવનગર જિલ્લાના પાલિતાણામાં 'સંડે ઓન સાયકલ' કાર્યક્રમમાં તેમણે આ મુજબ જણાવ્યું હતું. આ સાયકલ યાત્રા પાલિતાણા શહેરમાં બજરંગદાસ બાપા ચોકથી શરૂ થઈને સરવૈયા ફાર્મ ખાતે પૂર્ણ થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સ્વચ્છતા કર્મચારીઓ, NSS અને માય ભારતનાં સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. આજે સમગ્ર દેશમાં 6 હજારથી વધુ સ્થળોએ સ્વચ્છતા સેનાનીઓ સાથે સનડે ઓન સાયકલનો કાર્યક્રમ યોજાયો હતો.**

**---------------------------------------------------------------------------------------**

## રાજ્યમાં વરસાદ:

**રાજ્યના 128 તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે. એની સાથે અત્યાર સુધી રાજ્યમાં સિઝનનો સરેરાશ 31 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.**

**ભારે વરસાદને પગલે રાજ્યના 19 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 13 જળાશય એલર્ટ પર છે. રાજ્યની જીવાદોરી સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની આવકમાં વધારો થયો છે. મધ્યપ્રદેશના ઉપરવાસમાંથી 54 હજાર 32 ક્યુસેક પાણીની આવક થઈ છે. હાલ નર્મદા ડેમની જળ સપાટી 118.08 મીટરે પહોંચી છે. ત્યારે નર્મદાની મુખ્ય નહેરમાં 12 હજાર 200 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.**

**---------------------------------------------------------------------------------------**

## મોટરીંગ પબ્લિક અને વાહન માલિકોનો કેમ્પ:

કચ્છ જિલ્લાની મોટરીંગ પબ્લિક અને વાહન માલિકો માટે જુલાઈ માસનો નોન ટ્રાન્સપોર્ટ વાહનોના રી-રજિસ્ટ્રેશન તથા નોન ટ્રાન્સપોર્ટ વાહનોના સીપીઆઇ કરાવવા અંગેનો કેમ્પ હવે દર મહિને આયોજીત કરવામા આવશે. સવારના **11** થી બપોરે **2** કલાક સુધી તા.**15**ના નખત્રાણા, તા.**17**ના નલીયા, તા.**22**ના મુંદરા ખાતે અને તા.**24**ના માંડવી ખાતે તેમજ ભુજ કચેરીએ પણ આ કામગીરી કરી આપવામાં આવશે તેવું ઇન્ચાર્જ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે,ફિટનેસની કામગીરીનું ખાનગીકરણ થતા આ કામગીરી બંધ થઈ હતી.

---

## હવામાન:

હાલ રાજ્યમાં અપરએર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય હોવાને કારણે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે આજે કચ્છના મોટા ભાગના વિસ્તારોમાં પણ વાદળછાયા વાતાવરણ વચ્ચે છુટાછવાયા ઝરમર ઝાપટાનો દોર યથાવત રહ્યો હતો.

કંટ્રોલરૂમમાંથી મળેલ વિગત મુજબ સવારના ૬ થી ૮ વાગ્યા વચ્ચે માંડવીમાં ૫ મીલીમીટર વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગ દ્વારા કચ્છમાં આજે અને કાલે કેટલાક સ્થળે ભારેથી અતિ ભારે વરસાદ વરસવાની આગાહી કરી છે. વરસાદી માહોલના પગલે કચ્છમાં મહત્તમ તાપમાન **32.4** થી **34.4** ડિગ્રી જેટલું રહ્યું હતું પણ ભેજનું પ્રમાણ સરેરાશ **80** ટકા રહેતાં અસહ્ય બફારો જારી રહ્યો હતો. તો રાજ્યમાં આગામી સાત દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. અને આગામી પાંચ દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

---